BUSINESS મિત્ર

રોકાણકારોની સંપત્તિમાં બે લાખ કરોડ રૂપિયાનો વધારો થયો

૧૦૦ પોઈન્ટની વધઘટ વચ્ચે સેન્સેક્સ-નિફ્ટી ગ્રીન ઝોનમાં બંધ

ગેપ-ડાઉન ઓપનિંગ છતાં છેલ્લા કલાકની લેવાલીથી તેજીવાળાઓનો દબદબો

રૂપિયો 96.96ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ અને સપ્તાહમાં બીજી વખત પેટ્રોલ-ડિઝલના ભાવ વધારો કરાતા રોકાણકારોનું સેન્ટિમેન્ટ નરમ પડ્યું હતું. આમ, વૈશ્વિક અને ઘરેલું સ્તરે દબાણ રહેતા વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજારમાં ગેપ ડાઉન ખુલ્યો હતો, પણ છેલ્લા કલાકમાં નીચલા સ્તરેથી રીકવરી જોવા મળી હતી અને શેરબજાર પોઝિટિવ બંધ રહેવામાં સફળ રહ્યું હતું. જેમાં, ક્રુડ ઓઈલ 110 ડોલર પ્રતિ બેરલની નીચે ઘટાડો અને યુએસ ટ્રેઝરી યીલ્ડ નરમ થયા પછી બજારનું સેન્ટિમેન્ટ સુધર્યું હતું. જેના પરિણામે નિફ્ટી 23650 પોઈન્ટના સ્તરની ઉપર બંધ રહી હતી.

જોકે, આજે શેરબજારમાં રીકવરી મોડમાં લાર્જકેપ શેરોએ આગેવાની લીધી હતી. બે દિવસ પહેલામાં ગેપડાઉન રીકવરીમાં બ્રોડર માર્કેટની આગેવાની હતી. ડોલરની વધતી રહેલી મજબૂતાઈની સીધી અસર આઈટી શેરો ઉપર જોવા મળી રહી છે. આઈટી શેરોમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે.

સેકટર વાઈઝ જોઈએ તો ઓઈલ એન્ડ ગેસ, ઓટો, અને રિયલ્ટી શેરોમાં તેજી જોવા મળી હતી, જ્યારે મીડિયા, એફએમસીજી અને આઈટી શેરોમાં વેચાણનું દબાણ જવા મળ્યું હતું.

કરન્સી બજારમાં પણ રૂપિયો વધુને વધુ નબળો પડતો જોવા મળી રહ્યો છે અને 97 તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. આજે પણ રૂપિયો 96.96ની ઓલટાઈમ ઈન્ટ્રાડે નીચી સપાટીએ પણ પહોંચ્યો હતો. જ્યારે બ્રેન્ટ ક્રુડ 2 ડોલર ઘટીને 109.27 પ્રતિ બેરલ પહોંચ્યું હતું.

બીએસઈ સેન્સેક્સ 117.50 પોઈન્ટ એટલે કે 0.16 ટકા વધીને 75318.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 74529 પોઈન્ટ સુધી ઘટ્યો હતો, જ્યારે 75406 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. આમ, 900 પોઈન્ટની વધઘટ જોવા મળી હતી. નિફ્ટી 41 પોઈન્ટ એટલે કે 0.17 ટકા વધીને 23659 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે 23397 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 153.05 પોઈન્ટ એટલે કે 0.29 ટકા વધીને 53562.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જીએમઆર એરપોર્ટસમાં 124.67 ગણા, બીએલએસ ઈન્ટરનેશનલમાં 12.21 ગણા, ફાઈન ઓર્ગેનીકસમાં 4.87 ગણા, પીઆઈ ઈન્ડ.માં 4.73 ગણા, ગોદાવરી પાવર એન્ડ ઈસ્પાતમાં 4.69 ગણા કામકાજ નોંધાયા છે.

ફોરેક્સ બજાર

ડોલર	96.82 રૂ.
યુરો	112.58 રૂ.
પાઉન્ડ	129.09 રૂ.
યેન	0.6089 રૂ.

સેન્સેક્સ	117.54	75318.39
નિફ્ટી	41.00	23659.00
બેન્ક નિફ્ટી	153.05	53562.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	3.55	1085.50
રિલાયન્સ	2.80	1359.70
બજાજ ઓટો	2.52	10462.50
બજાજ ફિનસર્વ	1.27	1772.00
ગ્રાસીમ ઇન્ડ.	1.22	2971.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	2.28	413.30
ટેક મહિન્દ્રા	1.92	1439.00
ઇટર્નલ	1.57	243.34
ટાટા સ્ટીલ	1.09	207.01
એચયુએલ	1.06	2209.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ	2.83	1359.75
બજાજ ફિનસર્વ	1.33	1773.00
ટ્રેન્ટ	1.02	4109.60
ઇન્ટરગ્લોબ	0.99	4273.20
એક્સીસ બેન્ક	0.98	1250.65

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	2.30	413.40
ટેક મહિન્દ્રા	1.85	1439.75
ઇટર્નલ	1.52	243.30
ટાટા સ્ટીલ	1.08	207.05
એચયુએલ	1.01	2209.35

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૩૩૦૦
તેજાબી સોનું	૧૬૩૨૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૫૧૩૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૬૦૦૩૫
સોનાનાં બિસ્કીટ	૧૬૩૩૦૦૦
ચાંદી (૯૯૯)	૨૭૩૫૦૦
ચાંદી સિક્કા	૨૭૫૦૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાચ	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

રૂપિયામાં સતત 9મા દિવસે ઘટાડો નોંધાયો

ડોલર સામે 96.86ની સર્વકાલીન નીચલી સપાટીએ બંધ થયો, ઇન્ટ્રાડેમાં 97ની નજીક પહોંચ્યો

વિદેશી રોકાણકારોની 1597 કરોડની વેચવાલી છતાં સેન્સેક્સ 117 પોઇન્ટ સુધર્યો

મુંબઈ, તા. 20 (પીટીઆઈ): પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને મોંઘવારીની ચિંતાને કારણે ભારતીય રૂપિયો સતત નબળો પડી રહ્યો છે. બુધવારે સતત નવમા સત્રમાં ઘટાડો નોંધાવતા રૂપિયો અમેરિકી ડોલર સામે 16 પૈસા તૂટીને 96.86ના ઓલ-ટાઈમ રેકોર્ડ નીચલા સ્તરે બંધ રહ્યો હતો.

વૈશ્વિક અનિશ્ચિતતા અને ઈરાન સાથે વધેલા તણાવને કારણે ઇન્ટ્રાડે ટ્રેડિંગ દરમિયાન રૂપિયો 97ની એકદમ નજીક એટલે કે 96.95ની ઐતિહાસિક નીચલી સપાટી પર સરકી ગયો હતો.

અમેરિકી ડોલરની મજબૂતી અને યુએસ ટ્રેઝરી યીલ્ડ બે દાયકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચતા વૈશ્વિક બજારોમાં વેચવાલી જોવા મળી છે. આ સ્થિતિના કારણે આ વર્ષે રૂપિયો એશિયાની સૌથી ખરાબ પ્રદર્શન કરનારી કરન્સીમાં સામેલ થઈ ગયો છે. બજારના નિષ્ણાતોના મતે આગામી સમયમાં ડોલર સામે રૂપિયો 96.50 થી 97.10ની રેન્જમાં ટ્રેડ થઈ શકે છે.અન્ય પ્રમુખ કરન્સીની વાત કરીએ તો, યુરો 112.58, પાઉન્ડ 129.09, કેનેડિયન ડોલર 70.15, ઓસ્ટ્રેલિયન ડોલર 68.73, સિંગાપોર ડોલર 75.64 અને જાપાનીઝ યેન 0.6087 ના સ્તરે બંધ રહ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) ભારતીય બજારમાંથી 1,597.35 કરોડ રૂપિયાના શેર વેચ્યા હોવા છતાં, સ્થાનિક શેરબજારમાં સેન્સેક્સ 117 પોઈન્ટ વધીને 75,318.39 અને નિફ્ટી 41 પોઈન્ટ વધીને 23,659 પર બંધ રહ્યા હતા.

સોલર ઈન્ડસ્ટ્રીની માગ: વીજળીના ભાવની મર્યાદા વધારો

રેકોર્ડબ્રેક ગરમી વચ્ચે પાવર ડિમાન્ડ 260 GWને પાર; CERCએ નિર્ણય અનામત રાખ્યો

મુંબઈ, તા. 20 : ભારતમાં ચાલી રહેલા ભયાનક ગરમીના મોજા (હીટવેવ) વચ્ચે વીજળીની માંગ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ઊર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર, મંગળવારે દેશમાં પીક પાવર ડિમાન્ડ ૨૬૦.૪૫ ગીગાવોટની ઐતિહાસિક સપાટીએ પહોંચી હતી, જે સોમવારના ૨૫૭.૩૭ ગીગાવોટના રેકોર્ડ કરતાં પણ વધુ છે.

આ સ્થિતિ વચ્ચે, 'નેશનલ સોલર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયા'એ પાવર માર્કેટ રેગ્યુલેટર CERC (સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન)ને એક્સચેન્જ પર વીજળીના ભાવની મર્યાદા વધારવા વિનંતી કરી છે. સોલર ઇન્ડસ્ટ્રીનું કહેવું છે કે પ્રતિ યુનિટ રૂ. ૧૦ ની વર્તમાન કેપિંગ (મર્યાદા) કંપનીઓની નફાકારકતા અને નવા રોકાણોને અવરોધે છે.

ઉદ્યોગ જૂથના મતે, ઓછી માંગના સમયગાળા દરમિયાન કંપનીઓને સસ્તા ભાવે વીજળી વેચીને નુકસાન વેઠવું પડે છે, પરંતુ કિંમત મર્યાદાને કારણે તેઓ પીક અવર્સ (વધુ માંગ) દરમિયાન તે નુકસાનની ભરપાઈ કરી શકતા નથી. આનાથી એનર્જી સ્ટોરેજ ફાર્મ જેવા ક્ષેત્રોમાં નવું રોકાણ ખોરવાઈ રહ્યું છે, જે ભવિષ્યમાં પુરવઠા અને માંગના સંતુલન માટે જરૂરી છે. ઉચ્ચ ભાવો માટે બનાવેલો અલગ માર્કેટ સેગમેન્ટ પણ ખરીદદારોના અભાવે નિષ્ફળ રહ્યો છે. રેગ્યુલેટરે આ મામલે સુનાવણી પૂર્ણ કરી ચુકાદો અનામત રાખ્યો છે.

મોદી-મેલોનીની 'મેલોડી' અને માર્કેટમાં અપર સર્કિટ!

નામ સરખું હોવાથી 'પાર્લે'ના શેરમાં ભડાકો

રીયલ એસ્ટેટ અને વેસ્ટ રિસાયકલ કરતી કંપની 'પાર્લે' બિસ્કિટવાળી પાર્લે સમજીને લોકો ખરીદવા મંડ્યા!!

નવી દિલ્હી, તા. 20: ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ શેર કરેલા ઇન્ટરનેટ બ્રેકીંગ વિડીયોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રોમ મુલાકાત દરમ્યાન તેમને મેલોડી ટ્રોફીનું પેકેટ ભેટમાં આપ્યું હતું, તે બતાવતા પાર્લે ઇન્ડસ્ટ્રીઝના શેરમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને તેના લીધે અપર સર્કિટ વાગી હતી. બીએસઈ પર પારલે ઇન્ડસ્ટ્રીઝનો શેર 0.25 પૈસા વધીને રૂ. 5.25 પર બંધ રહ્યો હતો.

મેલોડી ટોફી કે પારલે પ્રોડક્ટ્સ સાથે કોઈ સંબંધ ન હોવા છતાં, સોશિયલ મીડિયાના ઉન્માદ વચ્ચે આ નામવાળી કંપનીને ફાયદો થયો. જે પારલે-જી, મેલોડી, મોનાકો, ક્રેકજેક અને હાઇડ એન્ડ સીક જેવી બ્રાન્ડ્સ પાછળ ખાનગી માલિકીની કંપની છે. પારલે ઇનડસ્ટ્રીઝની સ્થાપના 1983માં એક્સપ્રેસ બોટલર્સ સર્વિસીસ પ્રાઇવેટ લિ. તરીકે કરવામાં આવી હતી ને બાદમાં તેનું નામ બદલીને પારલે સોફ્ટવેર લિ. રાખવામાં આવ્યું હતું. મુળ પારલે-બિસ્લેરી ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવેલી આ કંપની હવે ઇન્ફ્રાસ્ટ્રકચર, રિયલ એસ્ટેટ અને પેપર વેસ્ટ રિસાયકલીંગના વ્યવસાયો સાથે સ્વતંત્ર રીતે કામ કરે છે. મોદી અને મેલોની વચ્ચેની મૈત્રીપુર્ણ મિત્રતાનો ઉલ્લેખ કરીને સોશ્યલ મીડિયા પર લોકપ્રિય મેલોડી મેમ ટ્રેન્ડને ફરીથી વાયરલ કરવામાં આવ્યું છે. વિડીયોમાં મેલોનીએ કહ્યું કે, પીએમ મોદી ગિફ્ટ તરીકે ખૂબ જ સારી ટોફી લઇને આવ્યા છે.

મેલોડી, મોદી જવાબ આપે છે. હાસ્યને ઉત્તેજિત કરે છે અને કન્ફેશનરી બ્રાન્ડની આઇકોનિક ખૂબ, ખુબ ચોકલેટી. આ સોશ્યલ મીડિયાના ઉત્માદ ઝડપથી દલાલસ્ટ્રીટ પર ફેલાયો હતો, જેમાં રિટેલ રોકાણકારો પારલે ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ઢગલો થઇ ગયા હતા. આ દરમ્યાન અમિત શાહે કહ્યું હતું કે, પારલે પ્રોડકટસ અમને વૈશ્વિક મંચ આપવા બદલ પીએમ મોદીનો આભારી છે.

તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે કંપની હમણાં એકસચેન્જો પર સુચિબદ્ધ થવાનું વિચારી રહી નથી અને ખાનગી રહેવાનું પસંદ કરશે. શાહે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના હાવભાવથી પારલે પ્રોડકટસના વેચાણને વધુ વેગ મળવાની અપેક્ષા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પારલે પ્રોડકટસે અગાઉ સંભવિત આઈપીઓ અંગેના અહેવાલો બાદ ધ્યાન ખેંચ્યું હતું, જોકે, કંપનીએ પાછળથી સ્પષ્ટતા કરી હતી કે પબ્લીક ઇશ્યૂ માટેની યોજનાઓ અંગે હમણા કોઇ યોજના નથી.

ડોનાલ્ડ ટ્રમ્પની ચીનની મુલાકાતના પગલે વ્લાદિમિર પુતિન પણ કેમ બેઈજિંગ પહોંચી ગયા?

ટુંધ પોઈન્ટ ■ સંજય વોરા ■

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની મુલાકાત લીધી, તેના સમાચારની શાહી પણ સૂકાય તે પહેલાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ચીનની મુલાકાતે પહોંચી ગયા. ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને મીડિયા દ્વારા જે કવરેજ આપવામાં આવ્યું, તેના દસમા ભાગનું કવરેજ પણ પુતિનની મુલાકાતને આપવામાં આવ્યું નથી; તેમ છતાં ચીન માટે ટ્રમ્પ કરતાં પુતિનની મુલાકાત વધુ મહત્ત્વની છે. તેનું કારણ એ છે કે ટ્રમ્પ ચીનના મહેમાન તરીકે આવ્યા હતા, જ્યારે પુતિન ચીનના ભાગીદાર તરીકે આવ્યા છે. અમેરિકા, ચીન અને રશિયા વચ્ચેના ત્રિકોણીય સંબંધો એક વિશિષ્ટ પ્રકારનું સમીકરણ ધરાવે છે. ત્રિકોણના ત્રણ ખૂણા પૈકી કોઈ પણ બે ખૂણા નજીક આવે છે, ત્યારે ત્રીજા ખૂણાનું પતન થાય છે. ૧૯૭૨માં રિચાર્ડ નિક્સન અમેરિકાના રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમણે ચીન સાથેના સંબંધોનો નવો અધ્યાય શરૂ કર્યો. આ સંબંધો જ્યારે ૧૯૯૦ના દાયકામાં તેની ટોચ પર પહોંચ્યા ત્યારે સોવિયેત સંઘનું વિસર્જન થયું અને તેના કટકે કટકા થઈ ગયા. હવે આજના વાતાવરણમાં રશિયા અને ચીન નજીક આવતા દેખાઈ રહ્યા છે ત્યારે અમેરિકાનું સામ્રાજ્ય ધ્વસ્ત થવાનો ભય પેદા થયો છે. આ સામ્રાજ્યને બચાવવા માટે જ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાતે આવી ગયા અને વ્લાદિમિર પુતિન પણ રશિયાનું સામ્રાજ્ય ટકાવવા ચીનની મુલાકાતે આવ્યા છે.

પુતિનની બેઇજિંગ મુલાકાત રશિયા અને ચીન વચ્ચે સારા પડોશી અને મૈત્રીપૂર્ણ સહયોગની સંધિની ૨૫મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. ગયા અઠવાડિયે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેનાથી વિપરીત, પુતિનની મુલાકાત ઘણી નમ્ર લાગે છે, જેમાં અગાઉથી બહુ ઓછી માહિતી જાહેર કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત દરમિયાન શી જિનપિંગે તેમના મિત્ર પુતિનનો ઉલ્લેખ કર્યો હોવાનું કહેવાય છે. ઝોંગનાનહાઈમાં ફરતી વખતે શીએ મજાકમાં ટ્રમ્પને કહ્યું કે પુતિન પણ આ રાજકીય સંકુલની મુલાકાત લઈ ચૂક્યા છે.

તાજેતરનાં વર્ષોમાં ચીન અને રશિયાએ તેમના સંબંધોને સરહદો વિનાની મિત્રતા તરીકે વર્ણવ્યા છે. વોશિંગ્ટનમાં કેટલાંક લોકો આશા રાખતાં હતાં કે ટ્રમ્પ ચીનને રશિયાથી દૂર કરી શકશે, પરંતુ પુતિનની ચીન મુલાકાત પછી આવી આશાઓ હવે ફક્ત કાલ્પનિક લાગે છે. ચીન રશિયાનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે, જ્યારે રશિયા ચીનના આંતરરાષ્ટ્રીય વેપારમાં માત્ર ૪ ટકા હિસ્સો ધરાવે છે. ચીન અન્ય કોઈ પણ દેશ કરતાં રશિયાને વધુ નિકાસ કરે છે અને તેનું અર્થતંત્ર રશિયા કરતાં ઘણું મોટું છે. વર્ષોથી પશ્ચિમી પ્રતિબંધોએ રશિયાને ધીમે ધીમે ચીન સાથે વેપાર સંબંધો વધારવા તરફ ધકેલ્યું છે. ચીની ટેક જાયન્ટ હુઆવેઇ અમેરિકાના પ્રતિબંધોને આધીન છે અને બ્રિટિશ સરકારની સમીક્ષા બાદ તેને યુકેના 5-G નેટવર્કમાંથી બાકાત રાખવામાં આવ્યું છે. રશિયામાં પશ્ચિમી કંપનીઓની ગેરહાજરીનો લાભ લઈને ચીની કંપની હુઆવેઇ ત્યાંના સંદેશાવ્યવહાર ઉદ્યોગનો મુખ્ય આધારસ્તંભ બની ગઈ છે. ૨૦૨૨ માં યુક્રેન પર આક્રમણ થયા પછી રશિયા તેના યુદ્ધ મશીનરી માટે ચીની ઘટકો પર વધુ ને વધુ નિર્ભર બન્યું છે. રશિયા તેની પ્રતિબંધિત ટેકનોલોજીના ૯૦ ટકાથી વધુ ચીનથી આયાત કરી રહ્યું છે. રશિયા પાસે ચીન સિવાય થોડા જ વ્યવહારુ વિકલ્પો છે. તે એક એવો ખરીદદાર છે જે માંગ અને બજારોને એવા સ્તરે પ્રદાન કરે છે જે રશિયાના અસ્તિત્વ માટે મહત્ત્વપૂર્ણ છે. જો ચીન રશિયા સાથેનો પોતાનો વેપાર ઘટાડશે તો તે રશિયાના વિદેશ નીતિના ઉદ્દેશોને પ્રાપ્ત કરવાનું નોંધપાત્ર રીતે મુશ્કેલ બનાવશે.

રશિયા પાસે પણ વિશાળ ઊર્જા સંસાધનો છે, જે ચીન માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. મે મહિનામાં એક પ્રેસ કોન્ફરન્સમાં પુતિને કહ્યું હતું કે બંને પક્ષો તેલ અને ગેસ સહયોગમાં એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પગલું ભરવાની ખૂબ નજીક છે. તેઓ કદાચ પાવર ઓફ સાઇબિરીયા પાઇપલાઇનનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેના માટે રશિયન ગેસ જાયન્ટ ગેઝપ્રોમ અને ચાઇના નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશને વર્ષોથી અટકેલી વાટાઘાટો પછી પ્રારંભિક કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાના અહેવાલ છે. જો આ પાઇપલાઇન બનાવવામાં આવે તો તે ગેમ-ચેન્જર બની રહેશે. તે મોંગોલિયા થઈને ચીનને ૫૦ અબજ ઘન મીટર રશિયન ગેસ પહોંચાડશે. હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા સંકટ વચ્ચે રશિયન ઊર્જા પર ચીનનો દાવ ફળીભૂત થઈ રહ્યો હોય તેવું લાગે છે. આ ફક્ત કિંમતનો મામલો નથી, પરંતુ વધતી જતી અસ્થિર દુનિયામાં ચીનની ભાવિ સ્થાનિક ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનો મામલો પણ છે. યુક્રેનમાં રશિયાનું લાંબું યુદ્ધ ઘણી રીતે જવાબદારી બની શકે તેમ છે, પરંતુ તે ચીન માટે એક વ્યૂહાત્મક સંપત્તિ પણ છે, જે તાઇવાન પર સંભવિત આક્રમણના વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે, જેમાં રશિયા તેની પડખે ઊભું રહી શકે તેમ જણાય છે.

રશિયા અને ચીનને એકબીજા સાથે સારા સંબંધો રાખ્યા વિના ચાલે તેમ નથી, તેનું સૌથી મહત્ત્વનું કારણ તેમની ૪,૩૦૦ કિલોમીટરની વહેંચાયેલી સરહદ છે. રશિયનો માટે ચીનની મુસાફરી ઘણી સરળ બની ગઈ છે. પરસ્પર વિઝામુક્ત વ્યવસ્થાનો અર્થ એ છે કે મોસ્કોથી દૈનિક ફ્લાઇટોમાંથી એક ફ્લાઇટ લઈને માત્ર થોડા કલાકોમાં ચીનનાં મુખ્ય શહેરો સુધી પહોંચી શકાય છે. ખાસ કરીને મોસ્કો પર પશ્ચિમી પ્રતિબંધો પછી, રશિયનો પણ વધુ ને વધુ ચાઇનીઝ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે અને ચાઇનીઝ કાર ચલાવી રહ્યા છે. રશિયા તેલ, ગેસ અને અન્ય કાચા માલનો મુખ્ય નિકાસકાર દેશ છે અને ચીનનું અર્થતંત્ર તેમના માટે એક વિશાળ બજાર પૂરું પાડે છે.

કાર્નેગી રશિયા યુરેશિયા સેન્ટર થિંક ટેન્કના ડિરેક્ટર એલેક્ઝાન્ડર ગાબુએવના મતે, રશિયા અને ચીન વચ્ચેના સંબંધો ખૂબ જ અસમાન છે. બંને દેશો વચ્ચેના કોઈ પણ કરારની શરતો ચીન દ્વારા નક્કી કરવામાં આવે છે. રશિયા સંપૂર્ણપણે ચીનના હાથમાં છે. રશિયા આ અસંતુલનનાં જોખમોથી સારી રીતે વાકેફ છે. રશિયન ઇન્ટરનેશનલ અફેર્સ કાઉન્સિલ થિંક ટેન્કના પ્રમુખ દિમિત્રી ટ્રેનિને તાજેતરમાં એક લેખ લખ્યો હતો. તેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે રશિયા કોઈ આશ્રિત રાજ્ય બનવા માંગતું નથી. ચીન અંગે તેમણે કહ્યું કે આપણા સંબંધોમાં સમાનતા જાળવી રાખવી અને યાદ રાખવું ખૂબ જ જરૂરી છે કે રશિયા એક મહાસત્તા છે જેને જુનિયર ભાગીદાર બનવાનું પરવડી શકે તેમ નથી. રશિયા પાસે ચીન સિવાય થોડા જ વ્યવહારુ વિકલ્પો છે. તે એક એવો ખરીદદાર છે જે માંગ અને બજારોને એવા સ્તરે પ્રદાન કરે છે જે રશિયાના અસ્તિત્વ માટે મહત્ત્વપૂર્ણ છે. જો કે, રશિયાનો મુખ્ય ફાયદો તેની પોતાની જમીન પર ટકી રહેવાની ક્ષમતા છે.

ગ્લાસગો યુનિવર્સિટીના સુરક્ષા અભ્યાસના લેક્ચરર માર્સિન કાકમાર્સ્કીના જણાવ્યા અનુસાર ચીન જાણે છે કે આ અસંતુલન કેટલું મહત્ત્વપૂર્ણ છે. આ કારણે ચીન રશિયા અથવા તેના ઉચ્ચ વર્ગમાં કોઈ પણ પ્રતિક્રિયા ઉશ્કેરવાનું ટાળવા માંગે છે. રશિયા પ્રત્યે ચીનની નીતિનો સાર આત્મસંયમ છે. ચીન રશિયા પર દબાણ નથી કરી રહ્યું. આનું કારણ એ છે કે આમ કરવું મૂર્ખામીભર્યું રહેશે. રશિયા જુનિયર ભાગીદાર હોઈ શકે છે, પરંતુ તે ગર્વિત ભાગીદાર છે. જો ચીન રશિયા પર દબાણ લાવવાનો પ્રયાસ કરે તો પણ તે એવો દેશ નથી જે તેને તાત્કાલિક સ્વીકારે. ૨૦૨૩ માં શીની મોસ્કો મુલાકાત દરમિયાન ચીનના રાષ્ટ્રપતિએ પુતિનને યુક્રેનમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ન કરવા વિનંતી કરી હોવાના અહેવાલ છે. થોડા દિવસો પછી રશિયન પક્ષે જાહેરાત કરી કે તે બેલારુસમાં પરમાણુ શસ્ત્રો તૈનાત કરશે. કેટલાંક લોકોએ આને બાહ્ય દબાણ સામે રશિયાના ઇરાદાપૂર્વકના પ્રતિકાર અને તેની સ્વતંત્રતાની યાદ અપાવવા તરીકે જોયું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકા, ચીન અને રશિયા વચ્ચેના ત્રિકોણીય સંબંધો વિશિષ્ટ પ્રકારનું સમીકરણ ધરાવે છે. ત્રિકોણના ત્રણ ખૂણા પૈકી કોઈ પણ બે ખૂણા નજીક આવે છે, ત્યારે ત્રીજા ખૂણાનું પતન થાય છે

એપ્રિલમાં ભારતની ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો

રશિયા પાસેથી ભારતની ખરીદી 19.4% ઘટી

પ્રાઇવેટ રિફાઇનરીઓની નરમાઈ વચ્ચે સરકારી કંપનીઓની આયાતમાં જોરદાર ઉછાળો

નવી દિલ્હી, તા. ૨૦ : એપ્રિલ ૨૦૨૬માં ભારતની કુલ ક્રૂડ ઓઇલ આયાતમાં માસિક ધોરણે ૩.૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. ફિનલેન્ડ સ્થિત સંસ્થા CREAના અહેવાલ મુજબ, રિલાયન્સ (RIL) અને નાયરા એનર્જી જેવી ખાનગી રિફાઈનરીઓએ માર્ચ મહિનામાં રેકોર્ડ ખરીદી કર્યા બાદ એપ્રિલમાં રશિયન ક્રૂડની આયાત ૧૯.૪ ટકા મર્યાદિત કરી હતી.

મુખ્યત્વે વાડીનાર રિફાઇનરીમાં ૯ એપ્રિલથી મેઈન્ટેનન્સ શટડાઉનને કારણે રશિયન આયાતમાં ૯૨ ટકા અને જામનગરમાં ૩૮ ટકાનો ઘટાડો થયો હતો. જોકે, તેની સામે સરકારી કંપનીઓ સક્રિય રહી હતી; ઇન્ડિયન ઓઇલની વાડીનાર આયાતમાં ૮૭ ટકા અને વિશાખાપટ્ટનમ રિફાઈનરીની આયાતમાં ૧૪૯ ટકાનો જંગી માસિક વધારો નોંધાયો હતો.

આ ઘટાડો છતાં, ભારત એપ્રિલમાં ૫ બિલિયન (આશરે $૫.૮૨ બિલિયન)ના કુલ હાઇડ્રોકાર્બન સાથે રશિયન અશ્મિભૂત ઇંધણનો બીજો સૌથી મોટો ખરીદદાર દેશ રહ્યો છે, જેમાં ક્રૂડ ઓઇલનો હિસ્સો ૯૦ ટકા (૪.૫ બિલિયન) હતો.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત
(હિન્દી) સુપરડુપર હીટ ફેમિલી સાથે જોવા પધારો.
કૃષ્ણાઅવતારમ-1
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૯.૪૫
પતિ પત્નિ ઔર વો દો
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, રાત્રે : ૮.૦૦, ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
(હિન્દી) પરિવાર સાથે જુઓ — કૃષ્ણાવતારમ-1 — ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૩૦,૨.૧૦, ૪.૦૦, ૭.૧૫, રાત્રે ૧૦.૦૦
ગુજરાતી હીટ ફિલ્મ — ધબકારો — ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦
ભૂતબંગલા — ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦
સસ્પેન્સ ગુજરાતી ફિલ્મ — ધરપકડ — ૯.૧૦, ૧૧.૫૦, ૧.૦૦, ૨.૨૦, ૪.૪૦, ૭.૦૦, રાત્રે ૮.૧૦, ૯.૨૦
રાજા શિવાજી — ૯.૦૦, ૧૨.૨૦, ૩.૨૫, ૬.૫૦, રાત્રે ૧૦.૨૫, ૧૧.૦૦
આખરી સવાલ — ૯.૧૦, ૩.૨૦, ૫.૦૦, ૬.૦૦, રાત્રે ૧૦.૦૦
દાદી કી શાદી — ૧૨.૩૦, રાત્રે ૮.૧૫
વાંકીચુકી લવસ્ટોરી — ગુજરાતી : ૭.૦૦
ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઝોમ્બીઝ — ખતરનાક હોરર હિન્દી એક શો : ૫.૩૫

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
સત્ય ઘટના પર આધારિત — આખરી સવાલ

સંજયદત્તનો શાનદાર અભિનય
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત ફુલ એકશન સ્ટોરી — ડાકોઈટ

મૃણાલ ઠાકુર, અવિદી સેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL DOLBY ATMOS INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
કાલથી જુઓ રોમાંટીક દિલચસ્પ લવસ્ટોરી ચાંદ મેરા દિલ
હિન્દી એકશન થીલર સ્ટાર વોર્સ
ગુજરાતી ફેમેલી ફિલ્મ શુભ મંગલ ધમાલ

હલકી ફુલકી મસ્ત કોમેડી પતિ પત્નિ ઔર વો દો
આયુષ્માન ખુરાના, સારા અલી ખાન, રકુલપ્રિત સિંહ, વામિકા ગબ્બી, વિજય રાઝ
ATMOS : 9.00 am, 10.20 am, 11.35 am, 1.00 pm, 3.40 pm, 5.15 pm, 6.20 pm, 7.50 pm, 9.00 pm, 10.25 pm
કૃષ્ણાવતારમ-1 9.30 am, 12.35 pm, 2.10 pm, 3.40 pm, 9.00 pm, 10.25 pm
ધબકારો 9.15 am, 12.35 pm, 3.20 pm, 6.45 pm, 10.20 pm
આખરી સવાલ ATMOS : 9.00 am રેગ્યુલર : 7.45 pm
ગુજરાતી સસ્પેન્સ થીલર ધરપકડ 10.00 am, 3.20 pm, 9.15 pm મલ્હાર ઠાકર
ગુજરાતી : વાંકીચુકી લવસ્ટોરી 12.00 pm
ભૂતબંગલા ATMOS : 5.55 pm
ધુરંધર-2 3.15 pm
રાજા શિવાજી ATMOS : 11.30 am, 5.55 pm, 9.45 pm

પશ્ચિમ રેલવે
આરપીએફ પરેડ ગ્રાઉન્ડનું અપગ્રેડેશન
ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જી. ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/39 તારીખઃ 15/05/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળઃ વિરાર-જોરાવાસણ સેક્શનઃ RPF/ZTC/BL ખાતે આરપીએફ પરેડ ગ્રાઉન્ડનું અપગ્રેડેશન, શૌચાલય અને આનુષંગિક સુવિધાઓ સાથે મહિલા સ્ટાફ માટે નવા ચેન્જિંગ રૂમનું નિર્માણ, અને નર્મદા તથા ગિરનાર બેરેકનું સંપૂર્ણ નવીનીકરણ. (ઇલેક્ટ્રિકલ (P) કાર્યો સહિતનું કમ્પોઝિટ ટેન્ડર) કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. 4,98,26,018.67. ઈએમડીઃ રૂ. 9,96,500/-. સબમિશનની તારીખ અને સમયઃ 09.06.2026, 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 09.06.2026 ના રોજ 15.30 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0127
લાઇક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
ઓગમેન્ટેશન અને હયાત કમ્પ્રેસ્ડ એર પાઇપલાઇન
Sr. DEE/TRS/BL ઇલેક્ટ્રિક લોકો શેડ, વલસાડ દ્વારા ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ EL/TRS/BL/26-27/WO/03 તારીખ 15/05/2026 આમંત્રિત કરવામાં આવે છે. કાર્ય અને સ્થળઃ કાર્ય - વલસાડ શેડના વિવિધ સેક્શનમાં હયાત કમ્પ્રેસ્ડ એર પાઇપલાઇનનું ઓગમેન્ટેશન અને રિપ્લેસમેન્ટ. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ.49,80,496.80. ઈએમડીઃ રૂ. 99,600.00. સબમિશનની તારીખ અને સમયઃ 18/06/2026ના રોજ 12.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ 18/06/2026ના રોજ 12.30 કલાકે. વેબસાઇટની વિગતોઃ www.ireps.gov.in.
અમને લાઇક કરો : facebook.com/WesternRly 0124